# સરકારી વિનયન કોલેજ, કપરાડા

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ
આવક નં. 20
તારીખ 06-02-2023

## અહેવાલ

તા. ૦૬/૦૨/૨૦૨૩

આપણો દેશ " આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ વિવિધ સ્વરૂપે મનાવી રહેલ છે. તે હેતુસર "અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ" યોજના શરૂ કરેલ છે. આ પંચ પ્રકલ્પ અંતર્ગત "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી" નો જન જાગૃતિ કાર્યક્રમ પ્રાચાર્યશ્રી ડૉ. ડી.એન. દેવરીના માર્ગદર્શન હેઠળ, આ પ્રકલ્પના કો-ઓર્ડીનેટર પ્રા. એમ.પી.પટેલના નેતૃત્વમાં આજ રોજ તા. ૦૬/૦૨/૨૦૨૩ ને સોમવારે કપરાડા તાલુકાના ચાવશાળા મુકામે રાખવામાં આવેલ.

સરકારી વિનયન કૉલેજ, કપરાડાના અધ્યાપકશ્રી પ્રા. એમ.પી.પટેલે પ્રથમ પોતાની કૉલેજનો પરિચય આપી, કૉલેજ ખાતે કઈ કઈ પ્રવૃત્તિઓ થાય છે તેની માહિતી આપી. શિક્ષણનું મહત્વ સમજાવ્યું. અને ખાસ કરીને આજના સમયે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઇએ, તેની વાત કરી. પ્રા. એમ.પી.પટેલે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીની વિસ્તૃત સમજ આપી. ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીથી જમીનની ફળદ્રુપતા ટકી રહેશે અને પાણીની પણ બચત થશે તેમ જણાવેલ.

પ્રા. એમ.પી.પટેલે રોજબરોજના જીવનમાં જરૂર પડતી શાકભાજી જાતે ઉગાડી અને તેમાં રાસાયણિક ખાતરનો ઉપયોગ ન કરી માત્ર છાણીયા ખાતરનો ઉપયોગ કરવા જણાવેલ. પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભ જેવા કે જીવામૃત, બીજામૃત, આચ્છદન, વાફસા, જંતુનાશક શસ્ત્રો વિશે માહિતી આપેલ.

આ કાર્યક્રમમાં કૉલેજના ૯ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો તેમજ ગામના સરપંચશ્રી, માજી સરપંચશ્રી, ગ્રામ પંચાયત સભ્યશ્રી સહિત ૨૮ ભાઈઓ અને બહેનો હાજર રહ્યા. અંતે પ્રા. એમ.પી.પટેલે સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

કો-ઓર્ડિનેટર
(ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી)

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.